પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૭ | ૨૭ નવેમ્બર, ૨૦૧૭, સોમવાર ; માગસર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### અફઘાનમાં ૨૦ એક કમાન્ડર સહિત ૨૦ તાલિબાનિઠાર

અફઘાનિસ્તાનના ઉત્તરપૂર્વીય પ્રાંત કાપિસામાં અફઘાનિસ્તાની સરકારી સેનાએ કરેલા હવાઈ હુમલામાં તાલિબાનના એક મહત્વના કમાન્ડરને ઠાર માર્યો છે. શુક્રવારે વેહલી સવારે નિજામ જિલ્લામાં કરાયેલા હુમલામાં દિલાવર ખાન અને તેના અન્ય પાંચ પરિજનોને પણ હવાઈ હુમલા દ્વારા ઠાકર મરવામાં આવ્યા હતા.

### ઇરાનમાં ફરી ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપ

ઈરાનના પશ્ચિમ પ્રાંત લોરેસ્તાનમાં ૪.૩ તીવ્રતાના ભૂકંપે ફરી લોકોને ભયભીત કરી નાખ્યા છે. આ વખતે લગભગ ૩૬ લોકો ઘવાયાની માહિતી મળી છે.

### ભારતીય મૂળના દંપત્તિને અમેરિકાનો ટોપ એવોર્ડ એનાયત

વિશ્વસ્તરે પ્રશંસા મેળવનાર દ.આફ્રિકાના ભારતીય મૂળના સંશોધક દંપત્તિને એચઆઈવી-એડ્સના ક્ષેત્રમાં તેમના મહત્વના યોગદાન માટે બુધવારે અમેરિકાના એક પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરાયા હતા. અમેરિકાના બાલ્ટીમોર સ્થિત ઈન્સ્ટીટ્યુટ ફોર વાઈરોલોજી (આઈએચવી) તરફથી પ્રોફેસર સલીમ અબ્દુલ કરીમ અને કુરેશા અબ્દુલ કરીમને એવોર્ડ એનાયત કરાયો.

# આતંકવાદ સામે માનવતાવાદે લડવું પડશે : મોદી

## પ્રધાનમંત્રીએ ૨૬/૧૧ના આતંકી હુમલામાં જીવ ગુમાવનાર નાગરિકોને શ્રદ્ધાંજલિ : ભારત ૪૦ વર્ષથી આતંકવાદથી પિડાય છે, હવે વિશ્વ એક બને



ન્યુ દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૮મી વાર દેશની જનતા સાથે 'મનકી બાત' કરી. મોદીએ આજે ૨૬/૧૧ના મુંબઈમાં થયેલા આતંકી હુમલાને યાદ કરીને તેમાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ આપી. મોદીએ કહ્યું, "ભારત ૪૦ વર્ષોથી આતંકવાદથી પીડાય છે. માનવતાવાદી શક્તિઓએ ભેગા થઈને આતંકવાદ સાથે લડવું પડશે. વિશ્વએ આતંકવાદને પરાજિત કરવો પડશે.

મોદીએ કહ્યું, "થોડો સમય મને કર્ણાટકના બાળમિત્રોની સાથે પરોક્ષ રીતે સાક્ષાત્કારનો મોકો મળ્યો. બાળકોને એક છાપાએ આગ્રહ કર્યો કે તેઓ વિદેશના મંત્રીઓને પત્ર લખે. સમાચાર પત્રએ તેમાંથી ઘણા પત્રો છાપ્યા

એક બાળકો ડિજિટલ ઈન્ડિયાનો ઉલ્લેખ કરીને કહ્યું કે શિક્ષણ વ્યવસ્થામાં સુધાર કરવાની જરૂર છે. કલબુર્ગીથી ઈરફાના બેગમે લખ્યું કે તેમની સ્કૂલ ઘરથી ૫ કિલોમીટર દૂર છે. હું મારા દોસ્તો સાથે સમય નથી વીતાવી શકતી. પરંતુ, મને સારું લાગ્યું, કે એક સમાચાર પત્રએ આ પત્રો છાપ્યા. આ પત્રો મારા સુધી પહોંચ્યા. મને તેમને વાંચવાનો મોકો મળ્યો.

મોદીએ કહ્યું કે, "આપણું બંધારણ બહુ વ્યાપક છે. બંધારણ લોકતંત્રની આત્મા છે. તમામ લોકો પ્રત્યે સંવેદનશીલતા આપણા બંધારણની ઓળખ છે. તે અમીર-ગરીબ દરેકના હિતોની રક્ષા કરે છે. આજે સરદાર પટેલની પુણ્યતિથિ. તેમણે દેશને એકસૂત્રે બાંધ્યો હતો. ૨૬/૧૧ આપણો સંવિધાન દિવસ, પણ દેશ કેવી રીતે ભૂલશે કે ૨૬/૧૧ ના દિવસે આતંકીઓએ મુંબઈ પર હુમલો કર્યો હતો.દેશ એ તમામને નમન કરે છે જેમણે આ હુમલામાં જીવ ગુમાવ્યો.આતંકવાદ દરરોજ બનનારી ઘટના બની ગઈ છે. હજારો નિર્દોષોએ આતંકી હુમલાઓમાં જીવ ગુમાવ્યા છે.આતંકવાદ દુનિયામાં આજે ભયંકર રૂપ લઈ રહ્યું છે. ભારત ૪૦ વર્ષથી આતંકવાદથી પીડાય છે. આતંકવાદ આપણી સામાજિક સંવેદનાઓને છિન્ન-ભિન્ન કરે છે. વિશ્વએ આતંકવાદને પરાજિત કરવો જ પડશે.

● અનુસંધાન પાન-૫ પર

# ભાજપના ઉમેદવારોની જાહેરાત અવઢવમાં

## શંકરસિંહના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાતા ગાંધીનગર (ઉ) કે (દ) બેઠક પરથી ચૂંટણી લડવાનું નિશ્ચિય મનાય છે

ગાંધીનગર, તા.૨૬

ભાજપ મોડીરાત સુધી વધુ ૩૪ ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરી ન શકતા સમગ્ર રાજ્યમાં ઉચાટની લાગણી પ્રવર્તતી હતી. ભાજપના ઉમેદવારો કાગડોળે સત્તાવાર જાહેરાતની રાહ જોતા હતા. મોડીરાત્રે ૧૧ કલાક સુધી જાહેરાત ન થતા સવાર સુધીમાં મેન્ડેડનો સંદેશો આવશે તેમ માની ઉમેદવારી પત્રો ભરવાની તૈયારી આરંભી હતી.

ભાજપની યાદીમાં ઘાટલોડીયા બેઠક અંગે ભારે ખેંચતાણ હોવાનું મનાય છે. અમિતભાઈ શાહ જુથ તરફથી બિપીનભાઈ ગોતા (પટેલ)ની તથા આનંદબેન જુથ તરફથી ભૂપેન્દ્રભાઈ પટેલના આગ્રહ થતાં ખેંચતાણ જોવા મળી હતી. જોકે રાષ્ટ્રીય હાઈકમાન્ડ આનંદીબેન પટેલ પોતે જ ચૂંટણી લડે એવું પણ સૂચન કરી રહેલ છે. આમ છતાં હજુ સુધી કોઈ સ્પષ્ટતા ન થતાં સત્તાવાર જાહેરાત અટકી પડી હતી.

તે જ રીતે ગાંધીનગર ઉત્તરની બેઠક પર શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાય તો તે બેઠક પર ચૂંટણી લડાવવાની ચર્ચા પણ જોરશોરથી ચાલી હતી. જોકે આ બંને બેઠકો પર નિર્ણય ન થતાં સમગ્ર સ્થિતિ અસ્પષ્ટ રહી હતી. ભાજપની અન્ય બેઠકો પર ફોનથી સૂચનાઓ અપાઈ રહી છે. જેમાં એલીસબ્રીજમાંથી રાકેશ શાહ, મણીનગરમાંથી હિમા પરીખ, સિદ્ધપુરથી જયનારાયણ વ્યાસ, વિરમગામથી તેજશ્રીબેન પટેલ, બાપુનગરથી ગોરધનભાઈ ઝડફીયા, અમરાઈવાડીથી હસમુખ પટેલ, વેજલપુરથી મુકેશ પ્રજાપતિના નામો આખરી કરાઈ ફોન પર મેન્ડેડની સુચના અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

પ્રથમ વખત ભાજપ અવઢવની સ્થિતિમાં જણાય છે. અત્યારે મોડી રાત્રે મળતી માહિતી મુજબ શંકરસિંહના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા કમલમ્ કાર્યાલય પહોંચી રહ્યા છે ત્યારે તેઓ ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપ તરફથી ચૂંટણી લડે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અમદાવાદ - ગાંધીનગર મામલે ભાજપમાં અસમંજસ સ્થિતિ જણાય છે. નરહરિ અમીનને ગાંધીનગર દક્ષિણ કે સાબરમતી બેઠક પરથી જાહેર કરાય તેવી શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

મોડી સાંજ સુધી ભાજપના મુખ્યાલય કમલમ્ પર રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, ભૂપેન્દ્ર યાદવ, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સહિતના આગેવાનો વિચાર વિમર્શ કરી રહ્યા છે. મોડીરાત્રે સત્તાવાર જાહેરાત થઈ શકે તે માટે કમલમ્ ખાતે ધમધમાટ જોવા મળતો હતો. જોકે આવતીકાલે ઉમેદવારી પત્રો ભરાયા બાદ પણ સ્થિતિ સ્પષ્ટ બનશે એમ જણાય છે. સાણંદમાં કોંગ્રેસમાંથી ભાજપમાં પ્રવેશ મેળવનાર કમશી પટેલના પુત્ર કનુ પટેલને ટિકિટ અપાતા સાણંદ ભાજપમાં રોષ જોવા મળતો હતો. અને મોટી સંખ્યામાં કાર્યકરો કમલમ્ પર ઉમટ્યા હતા. જોકે આખરી યાદી આખરી કરવા કવાયત પણ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.




# કોંગ્રેસના ઉમેદવારોને પસંદગીની જાણ ટેલીફોન પર જાણ કરાઈ

રાજ્યમાં બીજા તબક્કામાં યોજાનાર ૯૩ બેઠકોની ચૂંટણી માટે કોંગ્રેસ પોતાના ઉમેદવારોની સત્તાવાર યાદી રાત્રે ૧૦ વાગ્યા સુધી જાહેર કરી શકી નહોતી. જોકે ટેલીફોન પર સંબંધિત ઉમેદવારોને સૂચના આપવાનો ક્રમ વહેલી સવારથી જ શરૂ થયો હતો. જે જે ઉમેદવારોને સૂચના અપાઈ છે તેમના નામોની યાદી આ પ્રમાણે.

| ક્રમ | બેઠક | ઉમેદવારનું નામ | ૧૯. | સયાજી ગંજ | નરેન્દ્ર રાવત | ૩૮. | પાદરા | જયપાલસિંહ પઢિયાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાલનપુર | મહેશભાઈ પટેલ | ૨૦. | અકોટા | રણજીત ચવાણ | ૩૯. | ગરબડા | ચંદ્રિકાબેન બારીયા |
| ૨. | વડગામ | મણિભાઈ વાઘેલા | ૨૧. | રાવપુરા | ભથ્થુભાઈ | ૪૦. | સાવલી | સાગર બ્રહ્મભટ્ટ |
| ૩. | ધાનેરા | જોઈતાબાઈ પટેલ | ૨૨. | માજલપુર | ચિરાગ ઝવેરી | ૪૧. | આંકલાવ | અમિત ચાવડા |
| ૪. | દાંતા | કાંતિભાઈ ખરાડી | ૨૩. | નડીયાદ | જિતેન્દ્ર પટેલ | ૪૨. | મહેમદાવાદ | ગૌતમ ચૌહાણ |
| ૫. | વાવ | ગેનીબેન ઠાકોર | ૨૪. | કપડવંજ | કાલુ ડાભી | ૪૩. | પેટલાદ | નિરંજન પટેલ |
| ૬. | દીયોદર | ભરતસિંહ વાઘેલા | ૨૫. | કરજણ | અક્ષય પટેલ | ૪૪. | ગોધરા | રાજેન્દ્રસિંહ પટેલ |
| ૭. | ડીસા | ગોવાભાઈ દેસાઈ | ૨૬. | છોડા ઉદેપુર | મોહનસિંહ રાઠવા | ૪૫. | સંખેડા | ધીરુભાઈ ભીલ |
| ૮. | થરાદ | ગુલાબસિંહ રાજપૂત | ૨૭. | પાવી-જેતપુર | સુખરામ રાઠવા | ૪૬. | હિંમતનગર | કમલેશ પટેલ |
| ૯. | રાધનપુર | અલ્પેશ ઠાકોર | ૨૮. | સંતરામપુર | ગેંદાર ડામોર | ૪૭. | દસક્રોઈ | પંકજ પટેલ |
| ૧૦. | ખેડબ્રહ્મા | અશ્વિન કોટવાલ | ૨૯. | દેવગઢ બારીયા | ભરત વાળા | ૪૮. | બોરસદ | રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૧. | ભિલોડા | ડ. અનિલ જોષીયારા | ૩૦. | લુણાવાડા | હીરાભાઈ પટેલ | ૪૯. | સોજીત્રા | પુનમભાઈ પરમાર |
| ૧૨. | મોડાસા | રાજેન્દ્રસિંહ ઠાકોર | ૩૧. | દહેગામ | કામીનીબા રાઠોડ | ૫૦. | શહેરા | દુષ્યંત ચૌહાણ |
| ૧૩. | બાયડ | ધવલસિંહ ઝાલા | ૩૨. | કલોલ | બળદેવજી ઠાકોર | ૫૧. | સાબરમતી | ડૉ. જીતેન્દ્ર પટેલ |
| ૧૪. | પ્રાંતિજ | મહેન્દ્રસિંહ બારૈયા | ૩૩. | દાણીલીમડા | શૈલેષ પરમાર | ૫૨. | ઘાટલોડીયા | શશીકાંત પટેલ |
| ૧૫. | મહેસાણા | જીવાભાઈ પટેલ | ૩૪. | દરિયાપુર | ગ્યાસુદ્દીન શેખ | ૫૩. | ગાંધીનગર (દક્ષિણ) | ------ |
| ૧૬. | કડી | રમેશભાઈ ઠાકોર | ૩૫. | વેજલપુર | મિહિર શાહ | ૫૪. | ગાંધીનગર (ઉત્તર) | ------ |
| ૧૭. | ખેરાલુ | રામાજી ઠાકોર | ૩૬. | દાહોદ | વજેસિંહ ચાવડા | ૫૫. | ડભોઈ | સિદ્ધાર્થ પટેલ |
| ૧૮. | વડોદરા શહેર | અનિલ પરમાર | ૩૭. | ઝાલોદ | મિતેશભાઈ ગરાસિયા | ૫૬. | સિદ્ધપુર | જીજુજી ઠાકોર |

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

